દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

# ઈસરોનું સંપૂર્ણ ખાનગીકરણ જરાયે ઇચ્છનીય નથી

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા, જે અંગ્રેજીમાં ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન કહેવાય છે અને ઇસરો( ISRO )ના ટૂંકા નામે ઓળખાય છે તે આપણા દેશને વિશ્વભરમાં ગૌરવ અપાવનાર સંસ્થા છે. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જે દીર્ઘદષ્ટિપૂર્ણ પગલાઓ ભર્યા તેમાનું એક હતું ભારતમાં અવકાશ સંશોધન પ્રવૃતિઓની શરૂઆત કરાવવાનું. સદભાગ્યે તે સમયે આપણા ગુજરાતી એવા ડો. વિક્રમ સારાભાઇ જેવા બાહોશ અવકાશ વિજ્ઞાની વિદ્યમાન હતા. દેશમાં અવકાશ સંશોધન પ્રવૃતિઓ શરૂ થઇ. વિક્રમ સારાભાઇના સૂચનથી ઇન્કોસ્પાર સંસ્થા ૧૯૬૨માં શરૂ થઇ. બાદમાં ઇન્દિરા ગાંધીના વડાપ્રધાનપદ દરમ્યાન ઇન્કોસ્પાર ઇસરોમાં ફેરવાઇ. ૧૯૭૨માં સરકારમાં અવકાશ વિભાગની રચના કરવામાં આવી અને ઇસરોને આ વિભાગના નેજા હેઠળ મૂકવામાં આવી. ઇસરોએ ત્યારબાદ તો ભારે આગેકૂચ કરવા માંડી અને તેની ક્ષમતાઓનો અદભૂત વિકાસ થયો. આજે તો ઇસરો એક વિશ્વ કક્ષાની સંસ્થા બની ચુકી છે તથા વિશ્વના અનેક વિકસીત દેશોના ઉપગ્રહો પણ તેણે વેપારી ધોરણે અવકાશમાં ચડાવી આપ્યા છે. તેણે કેટલીક નિષ્ફળતાઓનો પણ સામનો કરવો પડ્યો છે પણ તેની સિદ્ધીઓનો ગ્રાફ ખૂબ ઉંચો રહ્યો છે. આ સંસ્થાનું ખાનગીકરણ કરવામાં આવશે તેવી ચર્ચાઓ અને અટકળોએ હાલ અવકાશપ્રેમીઓમાં ચિંતા જન્માવી હતી પણ સદભાગ્યે ઇસરોના વડાએ સ્પષ્ટતા કરી દીધી છે કે આ સંસ્થાનું ખાનગીકરણ નહીં કરવામાં આવે. અલબત્ત, તેની કેટલીક કામગીરીઓ ખાનગી ઉદ્યોગોને સોંપવામાં આવશે.

અમેરિકી અવકાશ સંસ્થા - નાસા - એ ફેડરલ સરકાર સાથે સંકળાયેલી સ્વાયત્ત એજન્સી છે જ્યારે તેનાથી કંઇક અલગ ઈસરો એ ભારત સરકારના અંતરિક્ષ વિભાગ હેઠળ કાર્યરત સંપૂર્ણપણે સરકારી માલિકીની સંસ્થા છે. ISRO સીધેસીધું અંતરિક્ષ વિભાગને રિપોર્ટ કરે છે, જે ભારતના વડાપ્રધાન પ્રત્યે જવાબદાર છે. ISRO ના અધ્યક્ષ અંતરિક્ષ વિભાગ માટે ભારત સરકારના સચિવ તરીકે પણ સેવા આપે છે અને સ્પેસ કમિશનનું નેતૃત્વ કરે છે. આ ઇસરોના ખાનગીકરણની અટકળોએ ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર ( IN-SPACe )ના ચેરપર્સન પવન ગોએન્કા દ્વારા ૨૧ ઓગસ્ટે કરવામાં આવેલી ટિપ્પણીઓ પછી વેગ પકડ્યો હોવાનું કહેવાય છે. તેમણે ઇસરોની મહત્વની કેટલીક કામગીરીઓ ખાનગી ઉદ્યોગોને સોંપી દેવાની વાત કરી હતી. આ બાબતે ચિંતીત થયેલા ઇસરોના નવ કર્મચારી મંડળોએ ઇસરોના વડાને પત્ર લખીને આ બાબતે પોતાનો સખત વિરોધ વ્યક્ત કર્યો. ૪ સપ્ટેમ્બરના રોજ લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, ચોક્કસ વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં ખાનગી ભાગીદારી એ મજબૂત અને જાહેર માલિકીના ઇસરો (ISRO) ની સાથે સાથે અસ્તિત્વમાં રહી શકે છે. પરંતુ જે બાબત ચર્ચા વગર સ્વીકારી શકાય નહીં તે એવી નીતિ છે જે ઇસરોને માત્ર એક રિસર્ચ અને ડેવલપમેન્ટ (R&D) બુટિક સુધી સીમિત કરી દે, જ્યારે દેશના લોંચ વ્હીકલ્સનું નિર્માણ અને તેના લોંચ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન સરકારી હાથમાંથી બહાર જતું રહે. પત્રમાં ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACe)ના ચેરપર્સન પવન ગોએન્કા દ્વારા ૨૧ ઓગસ્ટે કરવામાં આવેલી ટિપ્પણીઓ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, IN-SPACe ગેર-સરકારી સંસ્થાઓની વિવિધ અવકાશ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત, સક્ષમ અને અધિકૃત કરે છે. ગોએન્કાએ એક જાહેર કાર્યક્રમમાં કથિત રીતે કહ્યું હતું કે, છેવટે, ઇસરો કોઈ લોંચ વ્હીકલ બનાવશે નહીં અને કોઈ લોંચ વ્હીકલનું ઉત્પાદન પણ કરશે નહીં. આ બધું ખાનગી ક્ષેત્ર અથવા પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU) દ્વારા કરવામાં આવશે. કર્મચારી મંડળોએ દાવો કર્યો હતો કે આ ટિપ્પણીઓ સાથે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ તરફથી મંજૂર કરાયેલી નીતિ, તેના કાનૂની અને વહીવટી આધાર, તેના તબક્કાવાર અમલીકરણ અથવા હાલના કર્મચારીઓ અને ભવિષ્યની સરકારી ભરતી પર તેની અસરો અંગે સ્પષ્ટતા કરતો કોઈ સત્તાવાર સંદેશ વ્યવહાર નથી. પત્રમાં કહેવામાં આવ્યું કે, “ઇસરો દ્વારા વિકસાવવામાં આવેલી ટેકનોલોજી એ રાષ્ટ્રીય સંપત્તિ છે. તેનું સ્થાનાંતરણ પારદર્શક, જવાબદારીપૂર્વકનું અને વ્યૂહાત્મક, સુરક્ષા અને રોજગારના પાસાઓને ધ્યાનમાં રાખીને થવું જોઈએ -- ન કે કર્મચારીઓ સામે સમાચાર પત્રોના અહેવાલો દ્વારા રજૂ કરવામાં આવે.” આ પત્રમાં અન્ય કેટલીક ચિંતાઓ પણ ઉઠાવવામાં આવી હતી જેમાં PSLV, LVM3, SSLV અને ભવિષ્યના રોકેટ્સની ડિઝાઇન, વિકાસ, નિર્માણ, સંકલન (ઇન્ટિગ્રેશન), ટેસ્ટિંગ અને લોન્ચિંગની કામગીરી ઇસરોના કાર્યો તરીકે ચાલુ રહેશે કે બંધ થઈ જશે, તે અંગે પ્રશ્નો સમાવિષ્ટ હતા.

ઇસરોના કર્મચારીઓએ કદાચ પોતાની અંગત ચિંતાઓથી પણ પ્રેરાઇને આ ખાનગીકરણની કથિત હિલચાલનો વિરોધ કર્યો હશે પરંતુ આ બાબત અવકાશપ્રેમીઓ અને સંરક્ષણ વગેરે બાબતોની ખેવના ધરાવનારાઓ માટે પણ ચિંતાજનક હતી. વિશ્વના લગભગ તમામ અગ્રણી દેશોની અવકાશ સંસ્થાઓ સરકારી અથવા તો સરકારના નેજા હેઠળ જ કામ કરે છે. અવકાશ સંસ્થા સાથે ગોપનીયતા, સુરક્ષા વગેરેના પ્રશ્નો પણ સંકળાયેલા હોય છે. સદભાગ્યે ઇસરોના વડાએ આ સંસ્થાના ખાનગીકરણની અટકળો ફગાવી દીધી છે તે એક રાહતની વાત છે. અમુક બિનસંવેદનશીલ બાબતો ભલે ખાનગી ઉદ્યોગોને સોંપવામાં આવે પરંતુ કુલ એકંદર તો ઇસરો સરકારના નેજા હેઠળ જ રહેવી જોઇએ.

# એગ્રો વેસ્ટ અને સીટી વેસ્ટ ઉપર નભતી બકરીનો ઉછેર સફળ ગૃહઉદ્યોગ બની રહ્યો છે

**અવારનવાર**

**ડો.નાનક ભટ્ટ**

**દિવસમાં એક કરતાં વધુ વખત દોહી શકાતી બકરી તાજાં જન્મેલાં બાળકો માટે માતાના દૂધની ગરજ સારે છે**

‘ફાઓ’ના અહેવાલ મુજબ દુનિયાના ૪૨ ટકા લોકો બકરીના દૂધનો ઉપયોગ કરે છે. ઓછી મૂડી, ઓછી જમીન અને ઓછા ચારા ઉપર નિભાવ કરતી બકરી કુટુંબનાં બાળકો અને વૃદ્ધો સાથે સરળ રીતે મૈત્રી કરી શકતું દુધાળું પ્રાણી છે. વર્ષમાં ૧૭૦થી ૩૨૦ લિટર દૂધ આપતી બકરીની યોગ્ય માવજત થઈ શકે અને તેના જૈવિક ગુણધર્મમાં ફેરફાર કરતાં તે વર્ષમાં ૨૬૦ દિવસ સુધી દૂધ આપી શકે છે. વૃક્ષનાં પાન, થડ અને પ્રકાંડ ખાઈ શકતી બકરી સાથે કોઈ પણ પ્રકારની માનવીય લાગણીઓ જોડાયેલ ન હોઈ તે પાળવામાં અને વેચી નાંખવામાં પણ સરળ રહે છે.

ગુજરાત જેવા દૂધની ખેતી માટે જાણીતા પ્રદેશોમાં પણ આજે ૫૮ ટકા ખેડૂતો નાના અને સીમાંત કદના છે. તેમની પાસે ખેતઉદ્યોગમાં ટકી રહેવા જેટલી જમીન, પાણી અને મૂડી નથી આથી તેઓ પોતાના ખેતરમાં ઊંચું ઘાસ કે ચારો ઉગાડી શકતા નથી. આ સ્થિતિમાં મામુલી નિભાવખર્ચમાં પાળી શકાતી ૬ થી ૮ બકરીઓ એક વર્ષ થતાં દર સાડા પાંચ મહિને ૨ થી ૪ બચ્ચાં આપે છે. એક એકર જેટલી જમીન પર અત્યંત ઓછા પાણીથી ઉછરતા સુ-બાવળ(લ્યુસીના)નાં નાના કદનાં ૧,૦૦૦ વૃક્ષો ઉછેરી ખેડૂત અને ખેત મજુર કુટુંબ બકરીનું ઝુંડ પાળી શકાય છે. પ્રોટીન યુક્ત સુ-બાવળના પાન ખાતી બકરી સરેરાશ દોઢ લીટર દૂધ આપે છે. આ દૂધમાં ફેટનું પ્રમાણ ઓછું અને પ્રોટીન અને મિનરલ્સનું પ્રમાણ વધુ હોઈ બાળકોના આરોગ્ય માટે સર્વશ્રેષ્ઠ રહે છે. દિવસમાં એક કરતાં વધુ વખત દોહી શકાતી બકરી તાજાં જન્મેલાં બાળકો માટે માતાના દૂધની ગરજ સારે છે. ઉપરાંત ઘટ્ટ કરેલું દૂધ માવા સ્વરૂપે ફુડ વેલ્યુ એડીશન માટેનો કાચો માલ બને છે.

૨૮ થી ૩૦ કિલોનું વજન ધરાવતી પુખ્ત વયની બકરી પોતાના સમગ્ર શરીરનું વજન જમીનના અઢીથી ત્રણ ઈંચના ભાગ ઉપર કેન્દ્રિત કરી ચાલતી હોઈ, ઘાસના મૂળને સખત રીતે દાબી દે છે અથવા તોડી નાંખે છે. તે પ્રકારે તેના લંબગોળ મોંઢાના આગળના ભાગે રહેલા તીક્ષ્ણ દાંતોથી તે જમીનસરસા ચોંટેલા ઘાસને મૂળ સહિત ઉખેડી નાંખે છે. આથી મેદાન કે ડુંગરોના ચરિયાણમાં ફરતી બકરી નુકસાન કરતી દેખાય છે અને શહેરોમાં લાંબા વાંસના છેડે દાતરડાથી વૃક્ષોને બોડાં કરતી રબારીઓની બકરી તો પર્યાવરણની દુશ્મન જણાય છે. પરંતુ બકરીની ખોરાક મેળવવાની પદ્ધતિને વ્યવસ્થામાં ફેરવી શકાય અને બકરીઓને બાંધી રાખી એક લાકડાના ખોખામાં ખોરાક આપવામાં આવે તો દિવસ દરમિયાન ૪ થી ૬ કિલો ખોરાક સામે બકરી ૧ કિલોના રૂ. ૩૦/- ના ભાવનું ૫૦૦ ગ્રામથી ૧.૫ કિલો જેટલી લીંડી (છાણિયું ખાતર) આપે છે. જેના ઉપયોગથી ૪ વ્યક્તિના ઘરવપરાશ જોગ બળતણ મળી શકે છે. ઉપરાંત બાયોગેસની સ્લરી એક ઉત્તમ પ્રકારનું ઓર્ગેનિક મેન્યોર બની જમીનસુધારાનું કામ કરે છે. સુધરેલી જમીન ઉપજાઉ થતાં પ્રાકૃતિક ગતિચક્રને પોતાના મૂળ સ્તરમાં આગળ વધવા બળ મળે છે.

ગરમી અને ઠંડી સામે ટક્કર સહી શકતી બકરીને ચોમાસાની ઋતુમાં સંરક્ષણ આપવાની જરૂરિયાત રહે છે. પોતાના લાંબા વાળના કારણે તેના શરીર ઉપર ફંગસ વિકસિત થાય છે. ઉપરાંત ચોમાસાની ઋતુમાં તેનાં આંતરડાં અને યકૃતમાં પરોપજીવી કૃમિ વિકસિત થાય છે. જે તેના શરીરનો તૈયાર ખોરાક ખાઈ લે છે અને બકરીને ૧૫-૨૫ દિવસના ટૂંકા ગાળામાં મૃત્યુ પમાડે છે. પરંતુ વર્ષ દરમિયાન એક વખત ડીવર્મનો કોર્સ આપી બકરીનું આંતરિક કલેવર અડીખમ રાખી શકાય છે.

મહારાષ્ટ્રમાં કલ્યાણ અને થાણા માફક ગુજરાતમાં સુરત અને અમદાવાદ બકરાંની લેવેચનું રાષ્ટ્રીય સ્તરનું બજાર છે. એકલા રાણીપ (અમદાવાદ)માં જ રોજ ૫ થી ૮ હજાર બકરાંની લેવેચ થાય છે. રાજસ્થાનની પતેરી, કાઠિયાવાડની કાળી શિંગડીથી માંડી દેશી સફેદ બકરીના વેપાર માટે જાણીતા અમદાવાદનાં બકરાં દક્ષિણ ભારત સુધી પહોંચે છે. રૂ. ૧૫૦૦/- થી રૂ. ૩૫૦૦/- ના ભાવે વેચાતી બકરીમાંથી રૂ. ૭૦૦/- નું ચામડું મળે છે. રૂ. ૪૬/- થી રૂ. ૫૨/- ના ભાવે મૂંડી, ફેફસા અને હાડકાં વેચાય છે અને સરેરાશ ૧ કિલોના રૂ. ૧૫૦/- ના ભાવે ૧૨ થી ૧૫ કિલો મટન મળે છે. આમ બકરીની ૧ ટ્રક વેચનારને ટ્રકે રૂ. ૨,૨૧,૮૦૦/- નો ચોખ્ખો નફો મળે છે. જ્યારે મટન વેચનારને રોકાણ ઉપર ૫૨% થી ૬૬% નફો મળે છે. આ ઉપરાંત બકરીના વાળમાંથી મજબૂત અને ટાકાઉ દોરી બને છે, જેનો કલાત્મક ઉપયોગ શહેરોમાં પણ થઈ શકે છે. આજે બકરીના વાળની દોરી(વાણ) ની કિંમત ૧ કિલોના રૂ. ૮૭૦ છે.

અનિયમિત વરસાદ, ગ્રામક્ષેત્રે વધતું સ્થળાંતર, જમીનના કદમાં ઘટાડો, જમીન ઉપરના લીલા પડવાસમાં દેખાતી તંગી જેવા વિકાસના આડ પરિવર્તનોના કારણે હવે બકરી જેવા નાના કદના બહુ કૌશલ્ય ધરાવતા સરળ પ્રાણીની આવશ્યકતા વિકસી છે. જે તરફ વૈશ્વિક જરૂરિયાત જણાતાં ૧૯૭૭થી ૧૯૮૮ દરમિયાન ઑસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ઈઝરાયલ, ભુતાન જેવા પહાડી પ્રદેશો ઉપરાંત વિશ્વ ગ્રામના ૧૨૭ સંકુલોમાંથી ઉત્તમ કોટીની ૫,૦૦૦ બકરીઓ એકત્ર કરી તેમાંની વર્ણસંકર જાત ‘સાનેન’ ઉત્પન્ન કરાઈ છે. હિંદુસ્તાનના પશ્ચિમી પ્રદેશોના ઉષ્ણતામાન અને ભૂસ્તરને અનુરૂપ ‘સાનેન’ જાતની બકરીઓનું ઉત્પાદન રૂરલ એગ્રિકલ્ચર ઈન્સ્ટિટ્યૂટ નારખન ગાંવ તા. જુન્નર, જિ. પૂના-મહારાષ્ટ્ર ખાતે છે. જ્યાં તૈયાર થયેલ બકરી ‘સાનેન’ પોતાના દૂધ-ઉત્પાદનમાં રોગપ્રતિકારમાં રી-પ્રોડક્શનમાં અને પોતાના માંસના વજનમાં ઉત્તમ રહી છે. આ જાતની ઓલાદ દક્ષિણ ભારત ઉપરાંત બાંગ્લાદેશમાં પણ ગૃહઉદ્યોગરૂપે પ્રસ્થાપિત થઈ છે.

દૂધ-ઉત્પાદનની પડતર કિંમત આજે રૂ. ૩૮ થી ૫૨ સુધી પહોંચી છે અને બજારમાં યુરિયાનું સિન્થેટિક મિલ્ક જાણીતું બન્યું છે ત્યારે બહેનો માટેના સ્વાવલંબન અને આરોગ્યના વિશાળ કાર્યક્રમોના ભાગરૂપે બકરીને ગૃહઉદ્યોગ તરીકે પ્રચલિત કરવાની આવશ્યકતા છે. ઍગ્રોવેસ્ટ અને સિટી વેસ્ટ ઉપર જીવી શકતી બકરીના ઉછેર સાથે રોજગાર યોજનાને જોડી શકાય તો અનેક કુટુંબો ઘર બેઠાં સ્વમાનભેર વ્યવસાય કરી શકે અને અબુખાનની બકરી નામે સાહિત્યની વાત આમમાણસના જીવનમાં સુખાકારી આપનાર બની રહે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ટોપલીમાં રહેલા કરચલા

થાઇલેન્ડની બહુ પ્રચલિત એક થાઈ લોકકથા છે જે સંપૂર્ણ માનવસમાજની તસ્વીર દર્શાવે છે. એક માછીમાર દરિયાકિનારે કરચલા પકડીને ટોપલીમાં ભરી રહ્યો હતો. એક પ્રવાસી ત્યાંથી પસાર થયો. તેણે જોયું કે ટોપલીનું ઢાંકણ ખુલ્લું જ પડ્યું હતું. તેણે માછીમારને પૂછ્યું, ‘‘તમે ટોપલી ઢાંકતા કેમ નથી? કરચલા સહેલાઈથી બહાર નીકળીને ભાગી જશે તો.’’ માછીમાર હસ્યો અને કહ્યું, ‘‘તમે ચિંતા ન કરો, સાહેબ. તમે અહીં ઊભા રહો અને ટોપલીનું નિરીક્ષણ કરો.’’પ્રવાસી ટોપલીથી થોડે દૂર બેસીને ટોપલી તરફ જોવા લાગ્યો.માછીમાર બીજા કરચલા પકડવામાં લાગી ગયો. પ્રવાસીએ જોયું કે ટોપલીમાં જ્યારે એક કરચલો ટોપલીની કિનારી સુધી ઉપર ચઢવાનો પ્રયત્ન કરે છે, ત્યારે નીચે રહેલા બીજા કરચલા તેને પોતાના પંજાથી પકડીને નીચે ખેંચી લે છે -’હું નહીં તો તું પણ નહીં’ એવું વિચારીને. કે પછી તેનો પગ પકડી લે કે અમે પણ તારી સાથે બહાર નીકળીએ નહિ તો તું પણ ન નીકળ. પરિણામે, એક પણ કરચલો ક્યારેય બહાર નીકળી શકતો નહોતો, ભલે ટોપલી ખુલ્લી જ હતી. પ્રવાસી આ જોઇને વિચારમાં પડી ગયો. તેને પોતાના ગામનાં લોકો યાદ આવ્યાં -જ્યારે પણ કોઈ વ્યક્તિ મહેનત કરીને આગળ વધવાનો પ્રયત્ન કરતી, ત્યારે આસપાસનાં લોકો તેની ટીકા કરવા લાગતાં, તેની મજાક ઉડાવતાં અથવા તેને ‘તું પોતાની જાત વધારે સમજે છે’ કહીને નિરાશ કરવાનો પ્રયત્ન કરતા. પ્રવાસીએ માછીમારને પૂછ્યું, ‘શું રોજ આમ જ થાય છે, કોઈ કરચલો ક્યારેય બહાર નથી નીકળી શકતો?’ માછીમારે જવાબ આપ્યો, ‘ભાગ્યે જ કોઈક. પણ જે કરચલો બીજાના ખેંચવા છતાં પણ સતત જોર લગાવી ઉપર ચઢતો રહે છે, પોતાનું ધ્યાન ટોચ પર જ રાખે છે અને નીચે ખેંચનારાઓ તરફ જોતો પણ નથી -એ જ છેવટે ટોપલીની બહાર નીકળી શકે છે.’ પ્રવાસીએ કહ્યું, ‘‘પણ જો આ કરચલો એક બીજાને ખેંચે નહિ પણ સાથ આપે અને મદદ કરે તો એકબીજાનો પંજો પકડી બધા બહાર નીકળી ન જાય!’’ આ સાંભળી માછીમાર હસ્યો અને બોલ્યો, ‘‘શક્ય છે પણ આજ સુધી એવું થયું નથી.’’ આ થાઈ લોકકથા સરસ વાત સમજાવે છે કે આપણે બધા જ માણસો આ કરચલા જેવા જ છીએ. જીવનમાં જ્યારે કોઈ માણસ ઉપર ચઢવાનો પ્રયત્ન કરે છો, ત્યારે કેટલાક લોકો -ક્યારેક નજીકના જ -નીચે ખેંચવાનો પ્રયત્ન કરશે. આવું તેઓ કદાચ ઈર્ષ્યાથી કે પોતાનાથી આગળ જશે ના ડરથી કરે છે.આવું થતું જ રહ્યું છે અને થતું જ રહેશે. પણ જે ક્ષણે માણસ નીચે ખેંચનારા હાથો તરફ જોવાનું છોડી, ફક્ત ટોચ તરફ ધ્યાન કેન્દ્રિત કરો છો -તે જ ક્ષણે મુક્તિનો માર્ગ ખૂલી જાય છે. જીવનમાં ઈચ્છો ત્યાં પહોંચી શકાય છે બસ, કોઈના ડરાવવાથી, કોઈના મજાક કરવાથી, કોઈની ટીકા કરવાથી અટકી ન જાવ. આગળ વધતા રહો.ચઢવાનું બંધ ન કરો.



**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# શું મોદી યુવાનોથી વિમુખ થયા છે?

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને અસ્થિરતાને કારણે વેપાર, ઊર્જા બજારો અને વૈશ્વિક વિશ્વાસને અસર પહોંચી છે, તેવા એક અત્યંત મુશ્કેલ સમયે મોદીએ આ આંકડાને આર્થિક મજબૂતીના પુરાવા તરીકે રજૂ કર્યો હતો**

સિસ્ટમથી નારાજ થયેલા નવા યુવા વિદ્યાર્થી નેતાઓના ઉદયને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી એવી વ્યક્તિ નથી, જે તેમના ટીકાકારોને સરળતાથી એવું વિચારવા દે કે તેમણે યુવાનો સાથેનો પોતાનો સંપર્ક ગુમાવી દીધો છે. તેથી, ૫ સપ્ટેમ્બરે મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પોતાના પ્રથમ હાઈ-પ્રોફાઈલ સંબોધનના ૧૩ વર્ષ પછી દિલ્હીની ૧૦૦ વર્ષ જૂની શ્રી રામ કોલેજ ઑફ કોમર્સ (SRCC) ખાતે પરત ફર્યા. વડા પ્રધાને આ અવસરનો ઉપયોગ માત્ર એક રાજકીય ભાષણ આપવા માટે જ નહીં, પરંતુ તેનાથી પણ કંઈક વિશેષ કરવા માટે કર્યો. આ ભાષણમાં આંશિક રીતે આર્થિક બચાવ, રાજકીય હુમલાઓ અને ભારતના શિક્ષકો તથા યુવાનોને વર્ગખંડથી પરે વિચારવાની અપીલનો સમાવેશ થતો હતો.

૧૯૨૬માં સ્થપાયેલી SRCC તેની શતાબ્દી ઉજવી રહી હતી, જેણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પેઢીઓને એકત્ર કરી હતી. મોદીએ આ પ્રસંગનો ઉપયોગ ૨૦૧૩માં કોલેજમાં અનુભવેલા ભારત અને આજે જે ભારત અસ્તિત્વમાં છે તે વચ્ચેનો એક નાટકીય તફાવત દર્શાવવા માટે કર્યો હતો. તેમના તર્કના કેન્દ્રસ્થાને તાજેતરનો વિકાસ દરનો આંકડો હતોઃ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની અર્થવ્યવસ્થા ૭.૮ ટકાના દરે વધી હતી.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને અસ્થિરતાને કારણે વેપાર, ઊર્જા બજારો અને વૈશ્વિક વિશ્વાસને અસર પહોંચી છે, તેવા એક અત્યંત મુશ્કેલ સમયે મોદીએ આ આંકડાને આર્થિક મજબૂતીના પુરાવા તરીકે રજૂ કર્યો હતો. મોદી ઈચ્છતા હતા કે વિદ્યાર્થીઓ આ તફાવત પોતાની જાતે જુએ. તેમનો સંદેશ મુખ્યત્વે આ હતોઃ પરિવર્તનને માત્ર રાજકીય ભાષણબાજીથી નહીં, પરંતુ ૨૦૧૩માં દેશ ક્યાં હતો અને આજે ક્યાં ઊભો છે તેના આધારે મૂલવો.

આ સરખામણી મોદીના રાજકીય કથાનકના કેન્દ્રમાં છે. તેમણે દલીલ કરી હતી કે તેમની સરકારે જેને તેઓ ‘નીતિગત પક્ષઘાત’ (પૉલિસી પેરાલિસિસ) કહેતા હતા, તેને ‘નીતિગત ગતિશીલતા’ (પૉલિસી ડાયનેમિઝમ)થી બદલી નાખ્યો છે. વડા પ્રધાને યાદ કર્યું કે જ્યારે તેમણે ૨૦૧૩માં SRCCમાં ભાષણ કર્યું હતું ત્યારે એવી અપેક્ષાઓ હતી કે તેઓ આ મંચનો ઉપયોગ કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર પર પ્રહાર કરવા માટે કરશે. તેના બદલે, તેમણે કહ્યું કે તેમણે સુશાસનનું વિઝન રજૂ કર્યું હતું. જોકે, આ વખતે રાજકીય પ્રહાર નોંધપાત્ર રીતે વધુ તીક્ષ્ણ હતો.

મોદીનું SRCCનું ભાષણ અસરકારક સાબિત થશે કે નહીં તેનો મોટો આધાર એ વાત પર છે કે કયો વર્ગ તેનું મૂલ્યાંકન કરી રહ્યો છે. મુખ્ય રાજકીય સંદેશ તરીકે, તેનો હેતુ તેમના આર્થિક ટ્રેક રેકોર્ડને મજબૂત કરવાનો અને જન-ઝેડ મતદારોનું ધ્યાન આકર્ષિત કરવાનો છે. અલબત્ત, આ ભાષણ પર રાજકીય અને સામાજિક ક્ષેત્રે અલગ-અલગ પ્રતિક્રિયાઓ આવી છે.

જાણી-જોઈને જેન-ઝી ભાષાનો ઉપયોગ કરીને–SRCCના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ‘ધ ઓજી’ કહીને અને વિદ્યાર્થીઓને વૈશ્વિક તકો ઝડપી લેવા માટે ‘અડધા ભરેલા ગ્લાસ’થી પરે જોવાનું કહીને–આ યુવા સંપર્ક કેમ્પસના ઘણા વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ આવકારવામાં આવ્યો હતો, જેમણે તેમની આત્મીય શૈલી અને ‘વિકસિત ભારત ૨૦૪૭’ના વિઝનની પ્રશંસા કરી હતી.

તેમના એવા તીક્ષ્ણ વાક્પ્રહારો– જેમ કે, સતત ટીકા કરનારાઓને ‘નારાજ ફુવા’ તરીકે મજાક ઉડાવવી અને તેમના ‘દિમાગી નક્સલ’ શબ્દપ્રયોગને એક હોમિયોપેથિક ગોળી ગણાવવી, જે વિપક્ષના પૂર્વગ્રહોને બહાર કાઢવા મજબૂર કરે છે–એ તેમના સમર્થકોમાં ઉત્સાહ ભર્યો છે અને રાષ્ટ્રીય સમાચાર ચક્ર પર પ્રભુત્વ મેળવ્યું છે.

તેનું સાંકેતિક મહત્ત્વ સ્પષ્ટ હતું. મોદી એવા વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા, જેઓ ૨૦૧૪માં તેમને વારસામાં મળેલા ભારત કરતાં ખૂબ જ અલગ ભારત જોશે. તેથી, પડકાર માત્ર ૭.૮ ટકાનો આર્થિક વિકાસ દર જાળવી રાખવાનો નથી, પરંતુ આ વિકાસને તકો, રોજગારી, નવીનતા અને સામાજિક ગતિશીલતામાં રૂપાંતરિત કરવાનો છે.

મોદીનો મોટો મુદ્દો એ હતો કે રાજકીય વિરોધીઓમાં નિરાશાવાદ એક આદત બની ગયો છે. તેમણે ટીકાકારોની સરખામણી એ કહેવતરૂપ ‘અંકલ’ સાથે કરી, જે દરેક વસ્તુ વિશે ફરિયાદ કરતા રહે છે. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ આર્થિક ડેટાના સરકારના અર્થઘટન પર વારંવાર સવાલો ઉઠાવ્યા છે. જોકે, તેઓ એ સ્વીકારે છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંથી એક છે. પરંતુ મોદીની દલીલ માત્ર આંકડાઓ પૂરતી સીમિત ન હતી. તેમણે SRCC ખાતેના ૨૦૧૩ના તેમના ભાષણનો વારંવાર ઉલ્લેખ કર્યો હતો. ત્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડા પ્રધાન પદના ઉમેદવાર હતા. ભારતનું વર્ણન આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભરતી અર્થવ્યવસ્થાઓના ‘ફ્રેજાઈલ ફાઈવ’ (પાંચ નબળા દેશો) તરીકે કરવામાં આવી રહ્યું હતું, જ્યાં ઊંચો ફુગાવો, નબળો વિકાસ દર અને તે સમયે વ્યાપકપણે ‘નીતિગત પક્ષઘાત’ તરીકે વર્ણવવામાં આવતી સ્થિતિ હતી. મોદીના ટીકાકારો નોંધે છે કે ભાષણ મધ્યમ ગાળાની આર્થિક સફળતાઓ પર કેન્દ્રિત હતું, પરંતુ તેમાં યુવાનોની તાત્કાલિક સમસ્યાઓ, જેમ કે માળખાકીય બેરોજગારી, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને ચાલુ વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો પર સીધું ધ્યાન આપવામાં આવ્યું ન હતું. શંકા કરનારાઓ દલીલ કરે છે કે સ્થાનિક રોજગારી માટે નક્કર નીતિગત ઉકેલોની માંગ કરી રહેલી નવી પેઢીને માત્ર અપભ્રંશ ભાષા અને શાયરીઓથી સંતુષ્ટ કરી શકાશે નહીં.

અંતતઃ, આ સંદેશ યુવાન અને મહત્ત્વાકાંક્ષી વ્યાવસાયિકો સમક્ષ આર્થિક આત્મવિશ્વાસ અને સાંસ્કૃતિક આત્મીયતા દર્શાવવા માટે અસરકારક બ્રાન્ડિંગ વ્યૂહરચના છે. જોકે, તેની લાંબા ગાળાની સફળતા એ વાત પર નિર્ભર રહેશે કે શું સરકાર આ મહત્ત્વાકાંક્ષી નિવેદનબાજીને વાસ્તવિક દુનિયામાં રોજગાર સર્જન અને શૈક્ષણિક સ્થિરતા સાથે સાબિત કરી શકે છે કે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## માનવતા જ મોટામાં મોટો ધર્મ

દેશ વિવિધ પ્રકારનાં ધર્મ, સંપ્રદાય, જાતિનો કહેવાય છે. ગુલામીની જંજીરમાંથી મુક્ત થવા દરેક લોકોએ કોઈપણ પ્રકારના ભેદભાવો રાખ્યા વિના આઝાદીના જંગમાં ઝંપલાવ્યું હતું. ઊંચ, નીચના ભેદભાવ તો ગુલામ ભારતમાં પણ હતા. જેનો સામનો ડૉ. બાબાસાહેબ આંબેડકરને પણ કરવો પડ્યો હતો. દેશ આઝાદ થયા પછી બંધારણ અમલમા આવવાથી સ્વંત્રતા, સમાનતા અને બંધુતાનો કાયદાથી સ્વીકાર કરવામાં આવ્યો. તેમ છતાં આઝાદીના 79 વર્ષ પછી પણ ઊંચ, નીચના ભેદભાવ યથાવત છે. 1989 ના વર્ષમાં atrocity act લાવવામાં આવ્યો એ દેશના વિકાસ માટે સારી નિશાની નથી. તાજેતરમાં સુરતના કોસાડ વિસ્તારમાં દલિત ડૉક્ટરને મકાન આપવામાં જાતિ પૂછવામાં આવી તે સમયે જાતિની જાણ થતાં મકાન આપવામા ન આવ્યાના સમાચાર સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ત્યારે જે લોકો અનામત દૂર કરવાની વાત કરે છે તેઓએ પહેલા ભેદભાવ મિટાવવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. 2047 ના ભારતની કલ્પના કરવા કરતા હાલ જે ભેદભાવ પ્રવર્તે છે તે માટે ચિંતન કરવાની જરૂર છે.

**સુરત** **- ચન્દ્રકાન્ત રાણા**

## યોગાનુયોગ

તા.૫ સપ્ટેમ્બર, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ. સરકારે તેને શિક્ષકદિન તરીકે જાહેર કર્યો છે. સ્વાભાવિક છે કે તા.૫ સપ્ટેમ્બરે દરેક વર્તમાનપત્રોમાં શિક્ષકદિન અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે અચૂક માહિતીઓ પ્રકાશિત થાય જ અને વાચકોને તેનો લાભ મળે. પરંતુ ૨૦૨૬માં તા.૪ સપ્ટેમ્બરે જન્માષ્ટમી હોવાને કારણે તમામ વર્તમાનપત્રોએ રજા પાળી પરિણામે તા.૫ સપ્ટેમ્બરે તમામ વર્તમાનપત્રો બંધ રહ્યા મતલબ પ્રકાશિત થયા નહીં એટલે ૫ સપ્ટેમ્બરને દિવસે વાચકોને શિક્ષકદિન કે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશે માહિતી મળી શકે નહીં. આને યોગાનુયોગ કહેવાય એવું આ લખનારનું માનવું છે.

**સુરત** **- સુરેન્દ્ર દલાલ**

## જી.એસ.ટી. નું આઇ.ટી.સી. કૌભાંડ

તાજેતરમાં સુરતના ભંગારના વેપારીઓના ખાતામાં રૂ. 2,000 કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ જમા થતાં જી.એસ.ટી. વિભાગ દોડતું થયું. સરકાર દર મહિને લાખો કરોડ રૂપિયાના જી.એસ.ટી. કલેક્શનના આંકડા જાહેર કરે છે. આટલી મોટી રકમ જોઈને કૌભાંડીઓની લાળ ટપકે તે સ્વાભાવિક છે. પરંતુ સામાન્ય પ્રજાએ એ પણ સમજવું જોઈએ કે જી.એસ.ટી.નો સૌથી મોટો બોજો આખરે કોણ ભોગવે છે? ખરેખર તો જી.એસ.ટી.નો અંતિમ ભાર ગ્રાહક પર પડે છે. ઉત્પાદક અને વેપારીઓ ઈનપુટ ટેક્સ ક્રેડિટ દ્વારા અગાઉ ચૂકવેલા ટેક્સની સરભર કરી લે છે. ઉદાહરણ તરીકે, ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં રૂ.100ના કાચા માલ પર 12% જી.એસ.ટી. એટલે રૂ.12 ચૂકવાય છે. આગળની પ્રક્રિયા બાદ રૂ.125માં માલ વેચાય તો રૂ.15 જી.એસ.ટી. વસૂલાય છે, જેમાંથી અગાઉના રૂ.12ની ક્રેડિટ મળતાં માત્ર રૂ.3 જમા કરવાના રહે છે. ઉત્પાદન ખર્ચના અન્ય ઈનપુટ પર પણ ક્રેડિટ મળતી હોવાથી વાસ્તવિક ચુકવણી વધુ ઘટે છે. છેલ્લે સાડી રૂ.500માં વેચાય ત્યારે ગ્રાહક રૂ.60 જી.એસ.ટી. ચૂકવે છે, પરંતુ તેને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળતી નથી. એ જ રીતે વ્યક્તિગત ઉપયોગ માટે રૂ.1 લાખની મોટરસાયકલ ખરીદનાર રૂ.18,000 જી.એસ.ટી. ચૂકવે છે. એટલે જી.એસ.ટી.નો અંતિમ ભાર સામાન્ય ગ્રાહક પર જ રહે છે.

**કીમ** **- પ્રાણજીવન.સી.પટેલ**

## સુરત એરપોર્ટ પર ફ્લાયબ્રેરી

દૈનિક અખબારમાં સુરત એરપોર્ટ પર શરૂ કરવામાં આવેલી ફ્રી ફ્લાયબ્રેરી અંગેના સમાચાર વાંચીને ખૂબ આનંદ થયો. પુસ્તકપ્રેમીઓ માટે આ ખરેખર ખુશીના સમાચાર છે. ફ્લાયબ્રેરી હવાઈ મુસાફરી કરનારા પ્રવાસીઓને એરપોર્ટની લાઈબ્રેરીમાંથી તદ્દન મફતમાં પુસ્તક લઈ વાંચવાની સુવિધા આપે છે. આ પુસ્તક માત્ર ફ્લાઈટની રાહ જોતી વખતે જ નહીં, પરંતુ વિમાની મુસાફરી દરમિયાન પણ વાંચી શકાય છે અને ગંતવ્ય એરપોર્ટ પર આવેલી ફ્લાયબ્રેરીમાં પરત કરી શકાય છે. દેશના 68 એરપોર્ટ પર પ્રવાસીઓ ફ્લાયબ્રેરીમાંથી મફત પુસ્તકો લઈ શકે છે અને વાંચ્યા બાદ પરત કરી શકે છે. કેટલાક એરપોર્ટ પર મુસાફરો પુસ્તકો ઘરે પણ લઈ જઈ શકે છે અને આગામી હવાઈ મુસાફરી દરમિયાન પરત કરી શકે છે. પ્રવાસીઓ પોતાનાં વાંચી લીધેલાં પુસ્તકો પણ ફ્લાયબ્રેરીમાં દાન કરી શકે છે, જેથી અન્ય વાંચનપ્રેમીઓ તેનો લાભ લઈ શકે. ખાસ કરીને ફ્લાઈટ મોડી પડે ત્યારે અથવા લાંબી હવાઈ મુસાફરી દરમિયાન ફ્લાયબ્રેરી પુસ્તકપ્રેમીઓ માટે આશીર્વાદરૂપ બની શકે છે. ‘રીડ વાઈલ યુ ફ્લાય એન્ડ ડ્રોપ ધ બુક એટ યોર નેક્સ્ટ ડેસ્ટિનેશન એરપોર્ટ’નું સુંદર સૂત્ર આ પહેલની ભાવનાને વ્યક્ત કરે છે. સુરત એરપોર્ટ પરથી મુસાફરી કરતા સૌ વાંચનપ્રેમીઓને આ જ્ઞાનની ‘પુસ્તક પરબ’નો ભરપૂર લાભ લેવા અને અન્ય વાચકો માટે પુસ્તકો દાન કરવા અનુરોધ છે.

**નવસારી** **- ડૉ. જે. એમ. નાયક**

## પ્રાથમિક જરૂરીયાતની ચીજ વસ્તુના ભાવ બેકાબૂ

ભારત દેશમાં મહત્તમ સંખ્યા મધ્યમ વર્ગ અને ગરીબો ની છે, જીવનમાં પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓ જેમ કે ખાંડ, ગેસ, અનાજ, તેલ અને મકાનોની કિંમત નિરંતર બે અંકુશ વધી રહી છે અને જમીની હકીકત એ છે કે તેના અંકુશ લાવવામાં વર્તમાન સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે અને આ ગંભીર સમસ્યાઓ અંગે સરકારના કોઈ પણ નેતાઓ સંતોષકારક જવાબ આપવાની ક્ષમતા નથી. એક તરફ રાજકીય નેતાઓ કરોડપતિ બની રહ્યા છે જ્યારે બીજી તરફ દેશની જનતા મોંઘવારી, ગરીબી, અને બેકારી ના ઘંટીમાં પીસાઈ રહી છે ભારત જેવા લોકશાહી દેશમાં પ્રજાની સમસ્યાઓનું હબ નહીં થાય તો વર્તમાન સરકાર માટે દેશમાં અને રાજ્યોમાં અને ટકાવી રાખવી ખૂબ જ મુશ્કેલ બનશે કેમકે ‘યે પબ્લીક હે યે સબ જાનતી હે’.

**સુરત** **- રાજુ રાવલ**

## આજની આધુનિક સ્ત્રી

રાત્રે મોડે સુધી ટી.વી., મોબાઈલમાં મસ્ત રહેવાનું. સવારે મોડા ઊઠવાનું, સાડી હવે ભૂલાવા માંડી છે. દરેક સ્ત્રીને Comfortable વસ્ત્રો પહેરવાનું ગમે. પુરુષસમોવડી બનવા ઈચ્છે. કપાળમાં ચાંદલો કે ગળામાં મંગળસૂત્ર ફરજિયાત નથી. સ્ત્રી હોવાનો, પરણેતરનો પુરાવો જરૂરી નથી. સમાજમાં સ્ત્રીઓનું શોષણ, અવમૂલ્યન થઈ રહ્યું છે. સ્ત્રી અબળા રહી નથી. દરેક ક્ષેત્રોમાં સ્ત્રી પહોંચી ચૂકી છે. સ્ત્રી પોતાના પગ પર ઊભી રહી શકે છે. સ્ત્રી પોતાનું આર્થિક, સામાજિક રક્ષણ કરવામાં સક્ષમ બનવા લાગી છે. રાજકીય ક્ષેત્રમાં પણ સ્ત્રી પોતાની બુદ્ધિપ્રતિભાનું સુંદર દર્શન પ્રદર્શિત કરી રહી છે.

**સુરત** **- ગોપાળ પરમાર**

## ગુજરાતની દારૂબંધીને શું કહેવું?

એક સમાચાર મુજબ, ઉનાઈમાં મટકીની સાથે દારૂની બોટલ પણ લટકાવવામાં આવી હતી. તેને દારૂબંધીના કાયદાનો બહિષ્કાર કહી શકાય કે દારૂબંધીના કાયદાની ધજાગરા ઉડાવતો અને હાસ્યાસ્પદ બનાવ કહી શકાય? ઉનાઈમાં બનેલો આ બનાવ બતાવે છે કે લોકો દારૂબંધીના કાયદાને માનતા જ નથી. આપણે ત્યાં દારૂબંધીને કારણે કાયદેસર દારૂ બનતો નથી અને જે પણ નકલી કે હલકી ગુણવત્તાવાળો દારૂ બનતો હોય છે, તે ક્યારેક ઝેરી બની જતાં લઠ્ઠાકાંડ સર્જાય છે અને પીનારાઓનાં મોત થયાના અનેક બનાવો બની ચૂક્યા છે. પ્રજા ગુણવત્તા વગરનો દારૂ પીને પોતાના શરીરનું સત્યાનાશ કરે છે. આ બધાની સરકારને જાણ હોવા છતાં અને લોકોની માંગ હોવા છતાં સરકાર દારૂબંધી હટાવવામાં શા માટે અચકાય છે, તે સમજાતું નથી. મટકી ફોડ જેવા ધાર્મિક કાર્યક્રમમાં દારૂની બોટલ પણ લટકતી હોય તો તેવી ગુજરાતની દારૂબંધીને શું કહેવું?

**સુરત** **-વિજય તુઈવાલા**